| | |
|---|---|
| મળ્યા તારીખ. | ૦૨/૧૧/૨૦૨૨ |
| રજીસ્ટરે નોંધ્યા તા. | ૦૨/૧૧/૨૦૨૨ |
| ફેંસલ કર્યા તા. | ૩૦/૦૯/૨૦૨૩ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |
| | ૦૧ ૦૮ ૨૮ |

## મહીસાગરના સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.લુણાવાડા.

**સેશન્સ કેસ નં. ૯૭/૨૦૨૨**

**આંક–**

**શ્રી સરકાર** **......ફરિયાદી**

**: : વિરૂધ્ધ : :**

**(૧) જયંતીભાઇ પ્રતાપભાઇ પરમાર, ઉ.વ.૪૫, ધંધો.વેપાર,**
**(૨) દિનેશભાઇ રમણભાઇ પટેલીયા, ઉ.વ.૩૦, ધંધો.વેપાર,**
બંને રહે, નવા મુવાડા, નવી વસાહત પાછળ,
તા.સંતરામપુર, જી.મહીસાગર. **..... આરોપીઓ**

.....................................................................
**એડવોકેટસ :–**
**ફરિયાદપક્ષ તરફે :–** વિધ્વાન સ્પે. પી.પી. શ્રી વી.એલ.સંભવાણી
**આરોપીપક્ષ તરફે :–** વિધ્વાન વકીલશ્રી એ.એમ.પીરઝાદા
.....................................................................

## :: જજમેન્ટ ::

**(ક્રિમીનલ પ્રોસીજર કોડ–૧૯૭૩ ની કલમ–૨૩૫ ની સાથે વાંચતા કલમ–૩૫૩ વાંચતા)**

**૧. ફરિયાદપક્ષની હકીકત :–** આ ચુકાદામાં પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ (સુધારા અધિનિયમ ૨૦૧૭) ને હવે પછી પશુ સંરક્ષણ અધિનિયમ તરીકે ઉલ્લેખવામાં

આવેલ છે અને ભારતીય ફોજદારી સંહીતા ૧૮૬૦ ને ઈ.પી.કોડ તરીકે ઉલ્લેખવામાં આવેલ છે અને ક્રિમીનલ પ્રોસીજર કોડ–૧૯૭૩ને સી.આર.પી.સી. તરીકે ઉલ્લેખવામાં આવેલ છે.

**૨.** ફરિયાદપક્ષની ફરિયાદની ટુંકમાં હકીકત એવી છે કે, ''મારૂં નામ વિરાભાઇ ભેમાભાઇ આર્મ હેડ કોન્સટેબલ બ.નં.૯૫ નોકરી સંતરામપુર પોલીસ સ્ટેશન જી.મહીસાગર, લુણાવાડા

મારી શ્રીસત ફરીયાદ હકીકત એવી છે કે, આજરોજ હું તથા હે.કો.દેવેન્દ્રસિંહ નટવરસિંહ બ.નં.૭૧૮ તથા આ.પો.કો. લક્ષ્મણભાઈ રણછોડભાઈ બ.નં.૧૬૯ તથા પો.કો. રાજપાલસિંહ જેમલસિંહ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અમોને અંગત બાતમીદારથી બતમી હકીકત મળેલ કે, બે ઇસમો કુરેટા તરફના રોડેથી ચાર બળદો કતલખાને લઈ જનાર છે તેવી બાતમી હકીકત આધારે નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી તેઓને બાતમી હકીકતથી વાકેફ કરી પંચો સાથે સંત હરસીધ્ધી માતાના મંદિર પાસે નાકાબંધીમાં હતા તે દરમ્યન બે ઇસમો કુરેટા તરફના રોડેથી ચાર બળદો ચાલતા લઇને આવતા હોય જે બળદો એક આગળનો તથા એક પાછળનો પગ એક ટુંકા દોરડા વડે નાસી ન જાય તે સારૂં ક્રુરતા પૂર્વક બાંધેલ હોય જેથી અમોએ ચાર બળદોને ચાલતા લઈ જતા બે ઇસમો ઉભા રહેવા બુમ કરતા તેઓ બંને નાશવા જતાં તેઓને અમો તથા સાથેના પોલીસ માણસોએ દોડીને પકડી પાડેલ અને નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી પંચો રૂબરૂ બંને ઇસમો પૈકી પ્રથમ ઇસમનું નામ ઠામ પુછતાં તેણે પોતાનું

નામ જયંતીભાઇ પ્રતાપભાઇ પરમાર રહે, નવા મુવાડા નવી વસાહત પાછળ સંતરામપુરનો હોવાનું જણાવેલ અને બીજા ઇસમનું નામ ઠામ પુછતાં તેણે પોતાનું નામ દિનેશભાઇ રમણભાઇ પટેલીયા રહે, નવા મુવાડા નવી વસાહત પાછળ સંતરામપુરના હોવાનું જણાવેલ અને તેઓને આ ચાર બળદોના પગ ટુંકા દોરડા વડે બાંધેલ છે અને કયાં લઇ જાવ છો તેમ કહેતા તેઓએ કોઇ સંતોષકારક જવાબ આપેલ નહી જેથી તેઓ આ ચારેય બળદોને કતલખાને લઇ જતા હોવાનું જણાયેલ જેથી એક બળદની કિં.રૂા.૧૫,૦૦૦/- લેખે કુલ ચાર બળદની કિં.રૂા.૬૦,૦૦૦/- ગણી શકાય વિગેરે મતલબનું વિગતવારનું પંચનામું કરી લેવામાં આવેલ છે.

જેથી સદરહુ (૧) જયંતીભાઇ પ્રતાપભાઇ પરમાર રહે. નવા મુવાડા, નવી વસાહત પાછળ સંતરામપુર (૨) દિનેશભાઇ રમણભાઇ પટેલીયા રહે, નવા મુવાડા નવી વસાહત પાછળ સંતરામપુરનાઓ ચાર બળદોના પગ કુરતાપૂર્વક ટુંકા દોરડા વડે બાંધી ચાલતા કતલખાને લઇ જતા ઉપરોકત બંને ઇસમો બળદો નંગ-૪ કિં.રૂા.૬૦,૦૦૦/- ની સાથે પકડાઇ જઇ ગુન્હો કરેલ હોય જેથી મારી તેઓ બંને વિરૂધ્ધ ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૭ ની કલમ-૬(એ)(૪), ૮(૨), ૧૦ તથા ધી ગુજરાત પ્રાણી કુરતા નિવારણ અધિનિયમ ૧૯૬૦ ની કલમ-૧૧ (એ)(એફ) મુજબ કાયદેસર તપાસ થવા મારી ફરીયાદ છે. મારા સાહેદો સાથેના પોલીસના માણસો તથા પંચો વિગેરે છે.

એટલી મારી ફરીયાદ હકીકત છે.''

ઉપર મુજબની ફરિયાદ આ.હે.કો.વિરાભાઇ ભેમાભાઇનાએ આપેલી તે આધારે સંતરામપુર પોલીસ સ્ટેશન ગુના રજી.નં. ૧૨૦૪/૨૦૨૨ થી ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૭ ની કલમ–૬(એ)(૪), ૮(૨), ૧૦ તથા ધી ગુજરાત પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ ૧૯૬૦ ની કલમ–૧૧ (એ)(એફ) મુજબનો ગુનો રજીસ્ટર કરેલ છે.

**૩. પોલીસ તપાસની વિગત :–**

**૩.૧** તપાસ એજન્સી દ્ધારા ફરિયાદ તા.૧૪/૦૯/૨૦૨૦ ના રોજ આહેકો વિરાભાઇ ભેમાભાઇએ આપેલી છે.

**૩.૨** ત્યારબાદ તા.૧૪/૦૯/૨૦૨૦ના રોજ પંચ સિકંદરખાન નાસીરખાન પઠાણ તથા પંચ લક્ષ્મણભાઇ હીરાભાઇ બારીયાનાઓની રૂબરૂ મુદ્ધામાલ કબ્જે કર્યાનું પંચનામું કરવામાં આવેલ છે.

**3.3** ત્યારબાદ, તા.૧૪.૦૯.૨૦૨૦ ના રોજ સાહેદ હે.કો.દેવેન્દ્રસિંહ નટવરસિંહ બ.નં.૭૧૮ તથા આ.પો.કો. લક્ષ્મણભાઇ રણછોડભાઇ બ.નં.૧૬૯ તથા પો.કો. રાજપાલસિંહ જેમલસિંહ તથા અ.પો.કો. નરેન્દ્રકુમાર અમીરભાઇનાઓનું નિવેદન લેવામાં આવેલ.

**૩.૪** ત્યારબાદ જરૂરી સાહેદોના નિવેદનો લઇ અને સી.આર.પી.સી.ની કલમ–૧૫૫ થી કલમ–૧૭૨ લક્ષમાં લઇ આરોપી સામે ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૭ ની કલમ–૬(એ)(૪), ૮(૨), ૧૦ તથા ધી ગુજરાત પ્રાણી ક્રુરતા નિવારણ

અધિનિયમ ૧૯૬૦ ની કલમ–૧૧ (એ)(એફ) મુજબનું ચાર્જશીટ રજુ કરેલ. ચાર્જશીટ રજુ થયા બાદ સંતરામપુરના વિદ્વાન  એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ આ કેસ સી.આર.પી.સી. કલમ–૨૦૯ હેઠળ તા.૨૧/૧૦/૨૦૨૨ ના રોજ કમીટ કરેલ છે.

**૪. તહોમતનામા અંગે.**

**૪.૧** કેસના કામે આરોપીઓને સમન્સ બજતાં આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં આરોપી સામે સી.આર.પી.સી.ની કલમ–૨૨૮(૧)(બી) મુજબ ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૭ ની કલમ–૫(૧–ક), ૬(એ) નો ભંગ કરી કલમ–૮(૪), તથા ધી ગુજરાત પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ ૧૯૬૦ ની કલમ–૧૧ (એ)(એફ) મુજબનું તહોમતનામુ આંક–૦૫ થી મારા પુરોગામી ન્યાયાધીશ દ્ધારા ફરમાવવામાં આવેલ અને જે સંદર્ભે આંક–૦૬ થી આંક–૦૭ સુધી આરોપીઓનું નિવેદન તહોમતનામાં સંદર્ભે લેતા, આરોપીઓએ ગુન્હો કબુલ ન હોવાનું જણાવતાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૧ (૧) મુજબ સાક્ષીઓ તપાસવામાં આવેલા.

**૪.૨** ત્યારબાદ આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ ની સાથે કલમ–૨૩૩ મુજબનું વધારાનું નિવેદન લેવામાં આવેલુ. જેમાં આરોપીઓ જણાવે છે કે, અમો નિર્દોષ છીએ, કહેવાતો ગુન્હો અમોએ કરેલ નથી. ખોટી ફરિયાદના આધારે ખોટી ચાર્જશીટ ઉભી કરેલ છે જેથી અમો નિર્દોષ છીએ. અમોને ન્યાયના વિશાળ હીતમાં છોડી મુકવા મે.કરશોજી.

૪.૩ ત્યારબાદ સી.આર.પી.સી.ની કલમ–૨૩૪ મુજબ વિદ્વાન સ્પેશીયલ પી.પી. શ્રીના તથા આરોપીઓના વિદ્વાન વકિલશ્રીની દલીલો સાંભળવામાં આવેલી.

**૫. ફરિયાદ પક્ષનો પુરાવો :–**

**૫.૧ ફરિયાદપક્ષે નીચે મુજબના સાહેદો તપાસેલા છે.**

| **અનુ. નં.** | **સાહેદનું નામ** | **સાહેદ કયા પ્રકારના પુરાવામાં પડે છે તેની વિગત(તપાસ એજન્સીની થીયરી મુજબ)** | **આંક** |
|---|---|---|---|
| ૧ | વિરાભાઇ ભેમાભાઇ માછી (પી.ડબલ્યુ–૧) | બનાવ અંગેની ફરિયાદ આપનાર તથા બનાવ સ્થળે બળદો જોનાર એટલે કે તે બાબતે ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં પડતા સાહેદ | ૧૧ |
| ૨ | સિકંદરખાન નાસીરખાન પઠાણ (પી.ડબલ્યુ–૨) | બનાવ સંદર્ભે સ્થળ સ્થિતી એટલે કે બળદો વિગેરે જોનાર અને તેટલા પુરતા પંચનામાના પંચ એટલે કે ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં પડતા સાહેદ. | ૧૩ |
| ૩ | લક્ષ્મણભાઇ હીરાભાઇ બારીયા (પી.ડબલ્યુ–૩) | બનાવ સંદર્ભે સ્થળ સ્થિતી એટલે કે બળદો વિગેરે જોનાર અને તેટલા પુરતા પંચનામાના પંચ એટલે કે ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં પડતા સાહેદ. | ૧૫ |
| ૪ | દેવેન્દ્રસિંહ નટવરસિંહ ઠાકોર (પી.ડબલ્યુ–૪) | બનાવ અંગેની ફરિયાદ આપનાર સાહેદ સાથે બનાવ સ્થળે બળદો જોનાર એટલે કે તે બાબતે ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં પડતા સાહેદ | ૧૭ |
| ૫ | શંકરભાઇ પારસીંગભાઇ સંગાડા (પી.ડબલ્યુ–૫) | ગુનો રજીસ્ટર કરનાર સાહેદ | ૧૮ |
| ૬ | પુનમભાઇ ધનજીભાઇ સુખડીયા (પી.ડબલ્યુ–૬) | પાંજરાપોળના મેનેજર | ૨૨ |
| ૭ | ભૂપતભાઇ નાનાભાઇ પાદરીયા | તપાસ કરનાર અમલદાર | ૨૪ |

| | | | |
|---|---|---|---|
| | (પી.ડબલ્યુ-૭) | | |

**૫.૨ ફરિયાદપક્ષે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.**

| અનુ. નં. | દસ્તાવેજનું નામ | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૨ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું તથા તથા મુદ્દામાલ કબ્જે કર્યાનું પંચનામું | ૧૪ |
| ૩ | સ્ટેશન ડાયરીના ઉતારાની નકલ | ૧૯ |
| ૪ | બળદો સાચવવા સારૂં પાંજરાપોળને કરેલ યાદી | ૨૦ |
| ૫ | સુચીપત્ર | ૨૧ |
| ૬ | પશુ દાખલ કર્યાની પાવતી | ૨૩ |

**ફરિયાદપક્ષે આંક-૨૫ થી કલોઝીંગ પુરશીશ રજુ કરેલ છે.**

**<u>પક્ષકારોની દલીલો :-</u>**

**૬. સ્પે.પી.પી.શ્રીની દલીલ :-**

**૬.૧** સ્પે.પી.પી.શ્રીએ મૌખિક દલીલો કરેલ છે કે, આરોપીઓ ચાર બળદોને કુરતાપૂર્વક બાંધીને ચાલતાં લઈ જતાં હતા તે હકીકત ફરીયાદી તેમજ પંચો તથા ફરીયાદી સાથે જનાર દેવેન્દ્રસીંહના પુરાવાથી પુરવાર થાય છે અને બંને પંચો પણ એ હકીકત કબુલ રાખે છે કે, તેઓએ આ બળદો જોયેલા છે તેમજ સાહેદ પુનમભાઈ જેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, ત્યાં પોલીસે ચાર બળદો પાંજરાપોળમાં સોંપેલા છે અને તપાસ કરનાર અમલદારના પુરાવાથી એ હકીકત પુરવાર થાય છે કે, તપાસ એજન્સીએ તટસ્થ પૂર્વકની તપાસ કરેલ છે તે સંજોગોમાં તહોમત મુજબનો ગુનો વ્યાજબી શકથી પર સાબિત કરેલ છે જેથી આરોપીઓને કસુરવાન ઠરાવવા માટે દલીલ કરેલ છે.

**૭. આરોપીઓ તરફે દલીલો :-**

**૭.૧** આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રીએ દલીલ કરેલ છે કે, ફરીયાદ મુજબ પંચોને સાથે લઇ ગયેલ અને પંચો સ્વતંત્ર સાહેદો છે અને તેમાં પંચલક્ષ્મણભાઇ બે બળદની વાત જણાવે છે અને સીકંદરભાઇ બળદ પકડયા પછી તેઓને પોલીસ સ્ટેશનમાં બોલાવેલા તેવી હકીકત જણાવે છે તે સંજોગોમાં ફરીયાદપક્ષની સત્યતા ઉપર વ્યાજબી શંકા ઉત્પન્ન થાય છે.

**૭.૨** વધુમાં દલીલ કરેલ છે કે, બળદો ચાલતાં લઇને જવું તે કોઇ ગુનો નથી અને આ બળદો કતલ કરવાના ઈરાદે જ લઈ જવાતાં હતા તેવો કોઇ પુરાવો રજુ થયેલ નથી અને બળદો ઉપર ક્રુરતા આચરવામાં આવી હતી તેવો લેશમાત્ર પુરાવો ફરીયાદપક્ષે રજુ કરેલ નથી જેથી તહોમત મુજબનું તહોમત વ્યાજબી શકથી પર ફરીયાદપક્ષ સાબિત કરી શકેલ નથી.

**૭.૩** વધુમાં દલીલ કરેલ છે કે, જો બળદને ટુંકા દોરડાથી આગળનો અને પાછળનો પગ બાંધીને ચાલતા લઈ જવાતાં હોય તો ચોકકસપણે આવા બળદને ચાલતી વેળાએ ઈજા થાય અને આ કેસમાં કોઇ પશુ તબીબને તપાસેલા નથી અને પાંજરાપોળવાળાએ પણ એવી કોઇ હકીકત જણાવેલ નથી તે સંજોગોમાં ફરીયાદપક્ષના કેસની સત્યતા ઉપર શંકા ઉત્પન્ન થાય છે જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવવા દલીલ કરેલ છે.

તેથી ફરીયાદપક્ષ તહોમત મુજબના ગુનાઓ આરોપીઓ સામે વ્યાજબી શકથી પર સાબિત કરી શકેલ ન હોવાથી આરોપીઓને નિર્દોષ ઠરાવી મુકત કરવા દલીલ કરેલ છે.

**૮. પોઇન્ટ ફોર ડીટરમીનેશન સી.આર.પી.સી.ની કલમ–૩૫૪(ડી) મુજબ**

**૮.૧** શું ફરિયાદપક્ષ વાજબી શકથી પર સાબિત કરે છે કે, આરોપીઓએ તા.૧૪.૦૯.૨૦૨૦ ના કલાક ૧૩/૦૦ થી ૧૩/૩૦ દરમ્યાન કુરેટા તરફથી ચાર બળદોને એક આગળનો તથા એક પાછળનો પગ ટુંકા દોરડા વડે ક્રુરતાપૂર્વક બાંધી કતલ કરવાના ઈરાદે ગૌવંશની ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગર હેરાફેરી કરતા ચાલતા મોજે સંતરામપુર તાલુકાના સંત ગામે આવેલ હરસીધ્ધીમાતાના મંદિર નજીક ત્રણ રસ્તા પાસે પોલીસને જોઇ બળદો મુકી નાસવા જતાં પકડાઇ જઇ ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૭ ની કલમ–૫(૧–ક), ૬(એ) નો ભંગ કરી કલમ–૮(૪) મુજબના શિક્ષાપાત્ર ગુન્હાઓ કરેલ છે?

**૮.૨** શું ફરિયાદપક્ષ વાજબી શકથી પર સાબિત કરે છે કે, આરોપીઓએ તા.૧૪.૦૯.૨૦૨૦ ના કલાક ૧૩/૦૦ થી ૧૩/૩૦ દરમ્યાન કુરેટા તરફથી ચાર બળદોને એક આગળનો તથા એક પાછળનો પગ ટુંકા દોરડા વડે ક્રુરતાપૂર્વક બાંધી કતલ કરવાના ઈરાદે ગૌવંશની ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગર હેરાફેરી કરતા ચાલતા મોજે સંતરામપુર તાલુકાના સંત ગામે

આવેલ હરસીધ્ધીમાતાના મંદિર નજીક ત્રણ રસ્તા પાસે પોલીસને જોઇ બળદો મુકી નાસવા જતાં પકડાઇ જઇ ધી ગુજરાત પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ ૧૯૬૦ ની કલમ–૧૧ (એ)(એફ) મુજબના શિક્ષાપાત્ર ગુન્હાઓ કરેલ છે?

**૮.૩** શુ આખરી હુકમ ?

**૯. ઉપરોકત મુદાઓ પરત્વે અદાલતનું તારણ નીચે મુજબ છે.**

**(૧)** મુદા નં. ૮.૧ ચર્ચા કર્યા મુજબ '' નકારમાં ચર્ચા મુજબ''

**(૨)** મુદા નં. ૮.૨ ચર્ચા કર્યા મુજબ '' નકારમાં ચર્ચા મુજબ''

**(૩)** મુદા નં. ૮.૩ ચર્ચા કર્યા મુજબ '' આખરી હુકમ મુજબ''

## : : કારણો : :

**૧૦. સી.આર.પી.સી.ની કલમ–૩૫૪(૧)(બી) મુજબ :–** ભારતીય ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમ તથા ક્રિમીનલ જયુરીસપુડન્સ મુજબ ફરિયાદપક્ષે તેનો કેસ વાજબી શકથી પર સાબિત કરવાનો રહે છે. વધુમાં, ફરિયાદપક્ષે તેનો કેસ સીધા પુરાવાથી કે સાંયોગીક પુરાવાથી સાબિત કરવાનો રહે છે.

**૧૦.૧** વધુમાં, કોઇપણ દંડાત્મક કાનૂનનું અર્થઘટન કરતી વખતે તેને ' Strictly construed" કરવાનું રહે છે એટલે અદાલતે કાયદાનાં શબ્દો (Litera legis) કરતાં આગળ વધવું જોઇએ નહીં.

**૧૦.૨** જયાં સુધી ભારતીય દંડ સંહિતાને લાગે–વળગે છે ત્યાં સુધી કોઈપણ કૃત્ય ગુનો બને છે કે કેમ ? તે માટે **ભારતીય દંડ સંહિતાની કલમ–૬ ને પણ લક્ષમાં રાખવાની હોય છે કલમ–૬ આ સંહિતાની જોગવાઈઓ અપવાદોને આધીન સમજવી :–** આ સંહિતામાં પ્રથમથી છેક સુધી ગુન્હાની પ્રત્યેક વ્યાખ્યા, પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઈ અને આવી પ્રત્યેક વ્યાખ્યા, પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઈ અને આવી પ્રત્યેક વ્યાખ્યા તથા શિક્ષાત્મક જોગવાઈઓનું પ્રત્યેક દષ્ટાંત 'સામાન્ય અપવાદો શીર્ષકવાળા પ્રકરણમાં આપેલ અપવાદોને આધીન છે તેમ સમજવું અલબત, આવી વ્યાખ્યા કે શિક્ષાત્મક જોગવાઈ કે દષ્ટાંતમાં આવા અપવાદો દોહરાવાયા નથી.

**૧૦.3** એટલે કે, કોઈપણ કૃત્ય બને છે કે કેમ ? તે માટે આ ભારતીય દંડ સંહિતામાં જે અપવાદો આપેલા છે તે અપવાદો લક્ષમાં રાખવાનાં છે એટલે કે, કોઈપણ કૃત્ય ગુનો બનવા માટે અપવાદોને આધીન છે. નામ. સર્વોચ્ચ અદાલતે પ્રતાપ–વિરૂધ્ધ– ઉત્તર પ્રદેશ રાજયનો ચુકાદો કે જે ૧૯૭૬ (૨) એસ.સી.સી.– પાના નં. ૭૯૮ ઉપર પ્રદર્શિત થયેલ છે. જે ચુકાદામાં એવું પ્રતિપાદિત કરેલ છે કે, રેકર્ડ ઉપર જે પુરાવો હોય તેનાં ઉપરથી અદાલતે કોઈપણ ગુનો અપવાદમાં પડે છે કે કેમ ? તે લક્ષમાં રાખી, કોઈ કૃત્ય ગુનો બને છે કે કેમ ? તે નક્કિ કરવાનું હોય છે.

Beyond reasonanle doubt એટલે શું ?

**૧૦.૪** ઉપર ચર્ચા કરી તે મુજબ ફરિયાદપક્ષે તેમનો કેસ વાજબી શકથી પર સાબિત કરવાનો હોય છે અને કોઈપણ ભૂલ ભરેલી સજા સમાજ તથા આરોપી માટે ખુબ જ ગંભીર બાબત છે. જેથી સજા કરતી વખતે અદાલતે ધ્યાનમાં રાખવાનું હોય છે કે, એક ડાહયો માણસ અદાલત સમક્ષ પડેલી બાબતો વિચારતા એવા એવા નિર્ણય ઉપર પહોંચે કે, આરોપી શકથી પર ગુનેગાર છે.

**Reasonable doubt – અંગે વિદ્વાન કાયદાવીદ વ્હોરટને નીચે મુજબની વ્યાખ્યા આપી છે કે :–** " Reasonable doubt is that which makes you hesitate as to the correctness of the conclusion which you rich " જયારે અદાલતને તેની રૂબરૂ જે પુરાવો પડેલો હોય તે શુધ્ધ અંતર આત્માથી વિચારતા એવું લાગે કે, આરોપીને ગુનેગારી બાબતે શંકા છે તો તે રીઝનેબલ ડાઉટ છે.

**૧૦.૫ આજ રીતે લોર્ડ ડેનીગે તેની વ્યાખ્યા આપતાં જણાવ્યુ છે કે,** That degree is not well settled. It need not reach certainty but must carry a high degree of probability. Proof beyond reasonable doubt does not mean proof beyond the shadow of doubt. The law would fail to protect the community if it admitted fanciful possibilities to deflect the course of justice. If the evidence is strong against a man as to leave only a remote possibility in

his favour that can be dismissed with the sentence'. “Of course it is possible, but not in the lest probable, the case is proved beyond reasonable doubt, but nothing short of that will suffice” વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ બેંગાલ–વિરૂધ્ધ–ઓનીલાલ જયસ્વાલના ૧૯૯૪(૧) જી. એલ. એચ. પાના નં. ૫૩૭ ઉપરના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ છે કે, 1994 (1) G. L. H. 537 SUPREME COURT K. JAYACHANDRA REDDY AND G. N. RAY, JJ. State of West Bengal ...Appellant Versus Orilal Jaiswal and Another ... Respondents [@page537] Reasonable doubt is simply that degree of doubt which would permit a reasonable and just man to come to a conclusion. commensurate Reasonableness with the nature of the of the doubt offence must be to be investigated. ...”

આમ, રીઝનેબલ ડાઉટ રેકર્ડ ઉપરથી ફલીત થતો હોવો જોઇએ અને તે કાલ્પનીક ન હોવો જોઇએ અને રેકર્ડ ઉપરથી જ ફકત શંકા નહીં પરંતુ વ્યાજબી શંકા આરોપીઓની ગુનામાં સંડોવણી કે, આરોપીનાં ગુનાકીય કૃત્ય માટે ઉભી થયેલી હોવી જોઇએ.

૧૦.૬ ભારતીય પુરાવા ધારાની કલમ–૫૯ મુજબ કોઇપણ હકીકત, **દસ્તાવેજની અને ઇલેકટ્રોનીકસ રેકર્ડસના કન્ટેન્સ સિવાયની** મૌખિક પુરાવાથી સાબિત થઇ શકશે એટલે કે, જો દસ્તાવેજ અથવા ઇલેકટ્રોનીકસ રેકર્ડ સિવાયની કોઇ હકીકત સાબિત કરવાની હોય તો તે મૌખિક પુરાવાથી સાબિત થઇ શકશે.

મૌખિક પુરાવાની વ્યાખ્યા ભારતીય પુરાવા ધારાની કલમ–૩ માં નીચે મુજબ આપવામાં આવેલી છે જે નીચે મુજબ છે, EVIDENCE :-Evidence means and EVIDENCE :-Evidence means and includes -

1. all statemens which the Court permits or requires to be made before it by witnesses, in relation to matters of fact under inquiry  such statements are called oral evidence,

આમ, એટલે કે, તપાસ હેઠળ હોય તેને લગતી હકીકતોની બાબતમાં અદાલત પરવાનગી આપે અથવા કરવી જરૂરી જણાવે તેવા સાહેદોએ કરેલા તમામ નિવેદનો મૌખીક પુરાવા કહેવાય છે. ઉપરોકત બાબતને મૌખિક પુરાવો ગણવામાં આવે છે અને મૌખિક પુરાવાની વાત આવે ત્યારે સીધા પુરાવાની તેમજ હીયર સે પુરાવાની અને હીયર સે પુરાવાના અપવાદોની વાત પણ આવે છે અને  સીધો પુરાવાની વ્યાખ્યા ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં આપવામાં આવેલી છે જે નીચે મુજબ છે.

**"60. Oral Evidence must be direct :**

Oral Evidence must, in all cases whatever, be direct; that is to sayIt it refers to a fact which could be seen, it must be the evidence of a witness who says he saw it;

If it refres to a fact which could be heard, it must be the evidence of a witness who says he heard it;

If it is refers to a fact which could be percevied by any other sense or in any other manner, it must be the evidence of a witness who says he perceived it by that sense or in that manner;

If it refers to an opinion or to the grounds on which that opinion is held, it must be the evidence of the person who holds that opinion on those grounds:

Provided that the opinions of experts expressed in any treatise commonly ofered for sale, and the grounds on such opinions are held, may be proved by the production of such treatises if the author is dead or cannot be found, or has become incapable of giving evidence, or cannot be called as a witness without an amount of delay or expense which the Court regards as unreasonable;

Provided also that, if oral evidence refers to the existence or condition of any material thing other than a document, the Court may, if it thinks ft,require the production of such material thing for its inspection."

આમ, કલમ–૬૦ માં લક્ષમાં લેતા, એવો પુરાવો આવે છે કે, જે વ્યકિતએ પોતાની પાંચ ઇન્દ્રીય પૈકી કોઇ એક ઇન્દ્રીયથી કે એક કરતા વધારે ઇન્દ્રીયથી કોઇ હકીકત અનુભવી હોય અને અનુભવેલી આ હકીકત અદાલતમાં રજુ કરે તો તેને સીધો

પુરાવો ગણવામાં આવે છે. આ સિવાય પણ નિષ્ણાંતાના પુરાવાને પણ ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં જણાવ્યા મુજબ તેટલા અંશે સીધો પુરાવો ગણેલ છે.

**૧૦.૭** તેમજ ભારતીય પુરાવા ધારાની કલમ–૩૨ માં આવતા પુરાવાનો ભારતીય પુરાવા ધારાની કલમ–૧૭ થી કલમ–૩૦ માં પડતા પુરાવાથી જે પણ સીધા પુરાવાના અપવાદો છે તેનાથી સાબિત કરવાની હોય છે.

અથવા તો સાંયોગીક પુરાવાની કડી મેળવીને સાબિત કરવાની હોય છે જો કે સાંયોગીક પુરાવો પુરવાર કરવામાં પણ સીધો પુરાવો કે સીધા પુરાવાના અપવાદોની જરૂરીયાત રહે છે.

**<u>૧૧. તપાસ એજન્સીની તપાસ મુજબ સાક્ષીઓના પુરાવાનો પ્રકાર :–</u>**

**૧૧.૧** આ કામમાં પેરા નં.પ.૧ માં તપાસ એજન્સીની થીયરી મુજબ કયો સાક્ષી ભારતીય પુરાવા ધારાની કલમમાં પડે છે એટલે કે, તે સાક્ષીનો પુરાવો ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં સીધા પુરાવામાં પડે છે કે કથોપથીત પુરાવાના અપવાદોમાં પડે છે તેની વિગત આપેલી છે.

**(૧૨)** આ કામમાં આરોપીઓ સામે પશુઓ પ્રત્યે ક્રુરતા પ્રતિબંધ અધિનિયમ ૧૯૬૦ ની કલમ–૧૧(૧)(એ)(એફ) રજુ કરવી જરૂરી છે જે નીચે મુજબ છે,

**SEC. 11. Treating animals cruelly**

(1) If any person –

**(a)** beats, kicks, over–rides, over–drives, over–loads, tortures or otherwise treats any animal so as to subject it to unnecessary pain

or suffering or causes or, being the owner permits, any animals to be so treated; or

(**b**) ....

(**c**) .....

(**d**) ...

(**e**) ...

(**f**) ....keeps for an unreasonable time any animal chained or tethered upon on unreasonably short or unreasonably heavy chain or cord; or

(**g**) ...

(**h**) ...

(**i**) ....

(**j**)...

(**k**) ...

આમ, ઉપરોકત કલમ ૧૧(એ) મુજબ ફરીયાદપક્ષે આરોપીઓ સામે વ્યાજબી શકથી પર એ હકીકત સાબિત કરવાની છે કે, ચાર બળદોને લાત મારી માર મારી અથવા તેની ઉપર અતિશય સવારી કરી કે તેને અતિશય હાંકી, તેના ઉપર અતિશય ભાર લાદી, તેને રીભાવી અથવા તેના પ્રત્યે અન્યથા એવી રીતે વર્તે કે જેનાથી તેને અનઆવશ્યક દુ:ખ કે પીડા થયેલ હોય અથવા તેવો વર્તાવ કરાવે અથવા માલિક હોઇને તેવો વર્તાવ કરવા દે.

વધુમાં ફરીયાદપક્ષે આરોપીઓ સામે વ્યાજબી શકથી પર ઉપરોકત કલમ-૧૧(એફ) એ હકીકત સાબિત કરવાની છે કે, આ ચાર બળદોને ગેરવ્યાજબી સમય

માટે ગેરવ્યાજબી રીતે ટુંકી અથવા ગેરવ્યાજબી રીતે ભારે સાંકળ કે રસ્સીથી બાંધી રાખવામાં આવેલ હોય.

આ કામમાં આરોપી સામે પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ (સુધારા અધિનિયમ ૨૦૧૭) ની કલમ–૫(૧–ક) રજુ કરવી જરૂરી છે જે નીચે મુજબ છે,

**The Gujarat Animal Preservation Act 1954**

**sec 5. Prohibition against slaughter without certificate from Competent Authority**

(1) Notwithstanding any law for the time being in force or any usage to the contrary, no person shall slaughter or cause to be slaughtered any animal unless, he has obtained in respect of such animal a certificate in writing from the Competent Authority appointed for the area that the animal is fit for slaughter.

(1A) No certificate under sub-section (7) shall be granted in respect ofPovines (bulls, bullocks, cows, calves, male and female buffaloes and buffalo-calves).Povines (bulls, bullocks, cows, calves, male and female buffaloes and buffalo-calves). (a) a cow;

(b) the calf of a cow, whether male or female and if male, whether castrated or not;

(c) a bull;

(d) a bullock;

(2) In respect of an animal to which sub-section (1A) does not apply, no certificate] shall be granted under sub-section (1) if in the opinion of the Competent Authority-

(a) the animal, whether male or female, is useful or likely to become useful for the purpose of draught or any kind of agricultural operations;

(b) the animal if male, is useful or likely to become useful for the purpose of breeding;

(c) the animal, if female, is useful or likely to become useful for the purpose of giving milk or bearing offspring.

(3) Nothing in this section shall apply to-

(a) the slaughter of any of the following animals for such bonafide religious purposes, as may be prescribed, namely:-

(i) any animal above the age of fifteen years other than a cow, bull or bullock.

(b) the slaughter of any animal not being a cow or a calf of a cow, bull or bullock, on such religious days as may be prescribed:

Provided that a certificate in writing for the slaughter referred to in Clause (a) or (b) has been obtained from the competent authority.

(4) The State Government may, at any time for the purpose of satisfying itself as to the legality or propriety of any order passed by a Competent Authority granting or refusing to grant any certificate under this section, call for and examine the records of the case and may pass such order in reference thereto as it thinks fit.

(5) A certificate under this section shall be granted in such form and on payment of such fee as may be prescribed.

(6) Subject to the provision of sub-section (4) any order passed by the Competent Authority granting or refusing to grant a certificate, and any

order passed by the State Government under sub-section (4) shall be final and shall not be called in question in any Court.

આમ, ઉપરોકત કલમ મુજબ જે પશુની બાબતમાં જે તે વિસ્તાર માટે આ પશુ સંરક્ષણ કાયદા અધિનિયમની જોગવાઈ મુજબના યોગ્ય સત્તાધિકારી પાસેથી સર્ટીફીકેટ મેળવેલ ન હોય તો પશુની કતલ કરી શકાતી નથી પરંતુ આવું સર્ટીફીકેટ જો પશુ ગાય, ગાયની વાછરડી કે વાછરડો અને વાછરડો હોય તો ખસી કરેલ હોય કે ન હોય , ઘણખૂંટ અથવા બળદ હોય તો તેમાં આવા સત્તાધિકારી આપી શકતાં નથી તેવી આદેશાત્મક જોગવાઈ ઉપરોકત કલમ 5 (1) (1A) માં કરવામાં આવેલી છે.

**પશુ સંરક્ષણ અધિનિયમની કલમ–૬(એ), ૮(૪) અને કલમ–૧૦ અંગે**

**આ કામમાં ઉપરોકત કલમ ૬(એ) રજુ કરવી જરૂરી છે જે નીચે મુજબ છે.**

**6A. Prohibition against transportation of specified animals for Slaughter**

(1) No person shall transport or offer for transport or cause to be transported any animal specified in sub–section (1A) of Section 5 from any place within the State to any another place within the State for the purpose of its slaughter in contravention of the provisions of this Act or with the knowledge that it will be or is likely to be so slaughtered:

Provided that a person shall be deemed to be transporting such animal for the purpose of slaughter unless contrary is proved thereto to the satisfaction of the concerned authority or officer by such person or he has obtained a permit under sub–section (2) for transporting animal for bona fide agricultural or animal husbandry purpose from such authority or officer as the State Government may appoint in this behalf.

(2) (a) A person may make an application in the prescribed form to the authority or officer referred to in sub–section (1) for grant of permit in writing for transportation of any animal specified in sub–section (1A) of Section 5 from any place within the State to any another place within the State.

(b) If, on receipt of any such application for grant of permit, such authority is of the opinion that grant of permit shall not be detrimental to the object of the Act, it may grant permit in such form and on payment of such fee as may be prescribed

and subject to such conditions as it may think fit to impose in accordance with such rules as may be prescribed.

(3) Whenever any person transports or causes to be transported in contravention of provisions of sub−section (1) any animal as specified in sub−section (1A) of Section 5, such vehicle or any conveyance used in transporting such animal alongwith such animal shall be liable to be seized by such authority or officer as the State Government may appoint in this behalf.

(4) The vehicle or conveyance so seized under sub−section(3) shall not be released by the order of the court on bond or surety before the expiry of six months from the date of such seizure or till the final judgment of the court, whichever is earlier.

આમ, ફરીયાદપક્ષે એ હકીકત સાબિત કરવાની છે કે, આરોપીઓએ તા.૧૪.૦૯.૨૦૨૦ ના કલાક ૧૩/૦૦ થી ૧૩/૩૦ દરમ્યાન કુરેટા તરફથી ચાર બળદોને એક આગળનો તથા એક પાછળનો પગ ટુંકા દોરડા વડે ક્રુરતાપૂર્વક બાંધી કતલ કરવાના ઈરાદે ગૌવંશની ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગર હેરાફેરી કરતા

ચાલતા મોજે સંતરામપુર તાલુકાના સંત ગામે આવેલ હરસીધ્ધીમાતાના મંદિર નજીક ત્રણ રસ્તા પાસે પોલીસને જોઇ બળદો મુકી નાસવા જતાં પકડાઇ જઇ પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૭ ની કલમ–૫(૧–ક), ૬(એ) નો ભંગ કરી કલમ–૮(૪) મુજબના ગુનાઓ કરેલ છે.

**(૧૩) ઉપરોકત બાબતે પુરાવાનુ મુલ્યાંકન**

**૧૩.૧)** આ કામમાં ફરીયાદી વિરાભાઇને સાહેદ નં.૧ તરીકે આંક–૧૧ થી તપાસવામાં આવેલ છે અને તેઓએ સરતપાસમાં નીચે મુજબની હકીકત જણાવેલ છે. '' હું સને ૨૦૨૦માં સંતરામપુર પો સ્ટેમાં અહેકો તરીકે નોકરી કરતો હતો. તા ૧૪.૦૯.૨૦૨૦ના રોજ અમો તથા દેવેન્દ્રસિંહ નટવરસિંહ, લક્ષ્મણભાઇ રણછોડભાઇ, રાજપાલસિંહ જેમલસિંહ, નરેન્દ્રકુમાર અમીરભાઇ સંતરામપુર પો સ્ટે વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમ્યાન અમોને અંગત બાતમી મળેલ કે કુરેટા રોડ પરથી બે ઇસમો ચાર બળદો લઇને કતલ ખાને લઇ જનાર છે. બાતમી આધારે અમોએ નજીકમાંથી બે પંચના માણસો બોલાવી બાતમી હકીકત થી વાકેફ કરી પંચો સાથે હરસિદ્ધી માતાના મંદિર પાસે નાકાબંધીમાં હતા તે દરમ્યાન બે ઇસમો કુરેટા તરફના રોડેથી ચાર બળદો લઇને ચાલતા આવતા હતા. બળદોનો એક આગળનો અને એક પાછળનો પગ દોરડા વડે બાંધેલ હતો. જેથી અમોએ તેઓને ઉભા રહેવા બુમ કરતા તેઓ નાસવા જતા અમે તથા અમારી સાથેના પોલીસના માણસોએ દોડીને પકડી પાડેલ. પંચો રૂબરૂ તેમનુ નામ ઠામ પુછતા જયંતિભાઇ પ્રતાપભાઇ પરમાર, રહે

નવામુવાડા, નવિ વસાહત ના હોવાનુ જણાવેલ, બીજા ઇસમનુ નામ પુછતા તેણે પોતાનુ નામ દિનેશભાઇ રમણભાઇ પટેલીયા , રહે નવા મુવાડા, નવિ વસાહત, તા સંતરામપુર ના હોવાનુ જણાવેલ.

તેઓએની પાસે મળેલ બળદો બાબતે પુછતા તેઓએ સંતોષકારક જવાબ આપેલ નહી. જેથી એક બળદની કિંમત રૂ ૧૫૦૦૦/– લેખે ચાર બળદોની કિંમત કુલ રૂ ૬૦૦૦૦/– ગણી લઇ અમારી સાથેના દેવેન્દ્રભાઇએ પંચો રૂબરૂ પંચનામુ કરી બળદો કબ્જે લીધેલ. બનાવ અંગે મે સરકાર તરફે ફરીયાદ આપેલ. મને નિશાની ૦૯/૦૨ વાળી ફરિયાદ બતાવવામાં આવે છે તેમાં મારી તથા રૂબરૂ તરીકે પોલીસ સ્ટેશન અમલદારની સહી છે જે હું ઓળખી બતાવુ છુ. જેને રજુ દાખલ આંક ૧૨ આપવામાં આવે છે. બનાવ સ્થળે પકડેલ બે ઇસમો પૈકી એક ઇસમ આજ કોર્ટમાં હાજર છે જેને હું જોયેથી ઓળખુ છુ. આરોપી નં ૨ ની હાજરીમાફીની અરજી હોઇ તેની ઓળખ અંગે તકરાર નથી.''

આમ, ઉપરોકત સાહેદે સરતપાસમાં એવું સ્પષ્ટપણે જણાવેલ છે કે, તેઓને બાતમી મળેલ છે અને બાતમીના આધારે હરીસીધ્ધી માતાના મંદિર પાસે નાકાબંધીમાં હતા ત્યારે બંને આરોપીઓ આ ચાર બળદ સાથે આવતાં આ બળદોનો એક આગળનો અને એક પાછળનો પગ દોરડા વડે બાંધેલા હતા અને આરોપીઓ સ્થળ ઉપરથી મળી આવેલ અને આરોપીઓ બળદ સાથે ચાલતાં મળી આવેલ.

**૧૩.૨)** આજ પ્રકારનો પુરાવો સાહેદ નં.૪ દેવેન્દ્રસિંહે આંક–૧૭ થી આપેલ છે. આમ, ફરીયાદ મુજબ બાતમીના આધારે સ્થળ ઉપર જનાર ઉપરોકત વિરાભાઇ ઉપરોકત દેવેન્દ્રસિંહ તથા લક્ષ્મણભાઇ તથા રાજપાલસીંહ તથા નરેન્દ્રકુમાર હતા તેમાંથી માત્ર વિરાભાઇ અને દેવેન્દ્રસિંહને તપાસેલા છે.

**૧૩.૩)** આ કામમાં ફરીયાદ અને ઉપરોકત સાહેદોના પુરાવા મુજબ પંચોને સાથે લઇને ગયેલ છે અને તે પંચ સીકન્દરભાઇને સાહેદ નં.ર તરીકે આંક–૧૩ થી તપાસેલા છે અને તેઓએ સરતપાસમાં નીચે મુજબની હકીકત જણાવેલ છે. .

'' તા ૧૪.૦૯.૨૦૨૦ના રોજ મને પોલીસ સ્ટેશન બોલાવેલો ત્યાંથી ૧૨.૦૦ વાગ્યાના સુમારે હરસિદ્ધિ માતાના મંદીર પાસે ગયેલા. ત્યાં બળદ પકડેલા છે એટલે જવાનુ છે. ત્યાં બે ઇસમો હતા. તે જગ્યા કુરેટા તરફનો રોડ હતો. કુલ ૪ બળદો પકડેલા હતા. પકડેલા ઇસમોને હું ઓળખતો નથી. બળદો સાથે પકડેલ બે માણસો પૈકી એક માણસ આવેલ છે જેને હું ઓળખુ છુ. મને નિશાની ૯/૩ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ નં ૧ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક ૧૪ આપવામાં આવે છે.''

આમ, જયારે ઉલટતપાસમાં આ સાહેદ એવુ જણાવે છે કે, પંચનામામાં સહી કર્યા સિવાય તે કશુ જાણતાં નથી અને સહી પોલીસ સ્ટેશનમાં જઇને કરેલ છે.

**૧૩.૪)** આજ પંચનામાના બીજા પંચ લક્ષ્મણભાઇને સાહેદ નં.૩ તરીકે આંક–૧૫ થી તપાસેલા છે અને તેઓ સરતપાસમાં એવુ જણાવે છે કે,

'' તા ૧૪.૦૯.૨૦૨૦ના રોજ પોલીસે મને બપોરના કુરેટા રોડ પર બોલાવેલો. બોલાવીને મારી પંચનામામાં સહીઓ કરાવેલી. તે જગ્યાએ બે બળદો હતા. તથા બે માણસોને પકડેલ હતા. તે પૈકી એક માણસ આજે કોર્ટમાં આવેલ છે જેને હું ઓળખુ છુ. આ બળદોને પોલીસના માણસો પોલીસ સ્ટેશન લઇ ગયેલા. મને આંક૧૪ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જે જોઇને કહુ છુ કે તેમાં પંચ નં ૨ તરીકે મારી સહી હું ઓળખી બતાવુ છુ.

***આ તબક્કે સાહેદ ફરીયાદ પક્ષને સમર્થનકારક પુરાવો આપતા ન હોઈ ઉપરોક્ત સાહેદને હોસ્ટાઇલ (વિમુખ) જાહેર કરવા અને ઉપરોક્ત સાહેદની ઉલટ તપાસ કરવા સરકારી વકીલશ્રી દ્વારા મૌખિક પરવાનગી માંગતા પરવાનગી આપતા પહેલા સાહેદને આરોપી કે અન્ય કોઈ વ્યક્તિની ધાક ધમકી કે લોભ લાલચ આપેલ નહી હોવાની ખરાઈ કર્યા બાદ ઉપરોક્ત સાહેદને એવિડન્સ એક્ટની કલમ ૧૫૪ મુજબ હોસ્ટાઇલ (વિમુખ) સાહેદ જાહેર કરી સાહેદની ઉલટ તપાસ કરવાની સરકારી વકીલશ્રીને પરવાનગી આપવામાં આવે છે.***

**<u>ઉલટ તપાસ સરકાર તર્ફે સ્પે.પીપી શ્રી વી એલ સંભવાણી દ્વારા</u>**

એ વાત ખરી છે કે મે પોલીસ રૂબરૂના પંચનામામાં એવી હકીકત લખાવેલી છે કે પોલીસે મને કુરેટા ગામના રસ્તા પર બોલાવેલ અને ત્યાં ચાર બળદો પકડેલા હતા અને તેનુ પંચનામુ અમારા લખવ્યા મુજબ પોલીસે કરેલુ અને મે સહી કરેલી.''

**૧૩.૫)** પાંજરાપોળ વાળા સાહેદ પુનમભાઇને સાહેદ નં.૬ તરીકે આંક–૨૨ થી તપાસેલા છે અને તેમાં ચાર બળદ પાંજરાપોળમાં પોલીસે મોકલેલા તેવી હકીકત જણાવે છે.

**(૧૪) ઉપરોકત સમગ્ર પુરાવાનું મુલ્યાંકન**

(એ)પોલીસ સાહેદ વિરાભાઇ અને દેવેન્દ્રસિંહના પુરાવામાં બંને આરોપીઓ ચાલતાં આવતાં હતાં અને બળદો પણ ચાલતાં આવતાં હતા.

(બી) ઉપરોકત બંને સાહેદોના પુરાવા મુજબ પ્રથમ બાતમી મળેલ અને સ્થળ ઉપર પંચો સાથે ગયા બાદ આ બળદો અને આરોપીઓ મળી આવેલ હતા.

(સી) પંચ સીકંદરભાઇના જણાવ્યા મુજબ તેઓને પોલીસે પોલીસ સ્ટેશનમાં બોલાવી એવુ જણાવેલુ કે, બળદ પકડાઇ ગયેલા છે.

(ડી) પંચ લક્ષ્મણભાઇના જણાવ્યા મુજબ ત્યાં બે બળદો હતા.

(ઇ) બનાવ મુજબ બપોરે દોઢ વાગે આ બળદો મળી આવેલ છે.

**(૧૫)** આમ ઉપરોકત પુરાવો જોતાં પંચોને સાથે લઇને ગયેલાં કે બળદો પકડયા બાદ પંચનામું કરેલ તે બાબતે વિરોધાભાષ ઉત્પન્ન થાય છે તેમજ સ્થળ પર બે બળદ હતાં કે ચાર બળદ હતા તે બાબતે પણ વિરોધાભાષ ઉત્પન્ન થાય છે. વધુમાં ફરીયાદપક્ષના કેસ મુજબ ચારેય બળદોનો એક આગળનો અને એક પાછળનો પગ એક સાથે બાંધેલ હતા અને જો ખરેખર એવુ હોય અને બળદોને ચાલતા લાવવામાં આવેલા હોય અને આ રીતના બાંધેલા હોય તો બળદોને ઈજા થઈ હોય અને અત્રે આ બાબતે કોઈ ઈજા બળદો ઉપર જોઈ હોય કે બળદોને પકડયા ત્યાંથી કે પાંજરાપોળમાંથી દવાખાને લઈ ગયાં હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી અને ખરેખર આવું દોરડું હતું કે કેમ? તે હકીકત પણ વ્યાજબી શંકા ઉત્પન્ન કરે છે કારણકે જો ખરેખર ચારેય બળદો આ રીતે બાંધેલા હોય અને આ સાહેદોને આ બળદોને

ક્રુરતાપૂર્વક બાંધ્યાનું જણાઇ આવ્યું હોત તો આ દોરડા છોડયા હોત અને કબ્જે કરેલ હોત અને વધુમાં આ બળદો આ આરોપીઓની માલિકીના જ હતા તે અંગે પણ કોઇ પુરાવો ફરીયાદપક્ષે રજુ કરેલ નથી. આમ, આરોપીઓ સામેનું તહોમત વ્યાજબી શકથી પર પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોઇ મુદ્દા નં.૮.૧ તથા મુદ્દા નં.૮.૨ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૮.૩ પરત્વે નીચે મુજબનો હુકમ ફરમાવુ છું.

**-// હુકમ //-**

**(૧)** આરોપી નં.(૧) જયંતીભાઇ પ્રતાપભાઇ પરમાર, ઉ.વ.૪૫, ધંધો.વેપાર, (૨) દિનેશભાઇ રમણભાઇ પટેલીયા, ઉ.વ.૩૦, ધંધો.વેપાર, બંને રહે, નવા મુવાડા, નવી વસાહત પાછળ, તા.સંતરામપુર, જી.મહીસાગર વાળાને સંતરામપુર પોલીસ સ્ટેશન ગુના રજી.નં. ૧૨૦૪/૨૦૨૨ થી ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૭ ની કલમ-૫(૧-ક), ૬(એ) નો ભંગ કરી કલમ-૮(૪), તથા ધી ગુજરાત પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ ૧૯૬૦ ની કલમ-૧૧ (એ) (એફ) મુજબના ગુન્હાના કામે નિર્દોષ ઠરાવી મુકત કરવામાં આવે છે.

**(૨)** સી.આર.પી.સી.ની કલમ-૪૩૭(એ) મુજબ અપીલ અદાલત સમક્ષ હાજર રહેવા માટે આરોપીઓએ રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના જાત મુચરકા તથા સધ્ધર જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) મુદ્દામાલ બળદો નંગ–૦૪ અંગે કોઇએ માંગણી કરેલ નથી અને કોઇની માલિકી પુરવાર થયેલ નથી તેથી જે પાંજરાપોળને સોંપેલ છે તે પાંજરાપોળમાં જ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ– ૩૦ મી, માહે–સપ્ટેમ્બર, સને– ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦/૦૯/૨૦૨૩
સ્થળ : લુણાવાડા

એમ.એ.કાદરી
ગુજ.સ્ટેનો.

**(ભુપેન્દ્રકુમાર જી. દવે)**
સેશન્સ જજ,
ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, મહીસાગર.
(કોડ નં. જી.જે૦૦૪૬૯)